જા.ક્ર.:મા-૧/૨૦૨૫/૯૬૯૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૧૮/૦૨/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
રજીસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં લેવાનાર ધોરણ-૧૦ એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત, રીપીટર, GSOS અને પૃથક ઉમેદવારો તથા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા,સામાન્ય પ્રવાહના ઉમેદવારોની હોલ ટીકીટ ડાઉનલોડ કર્યા બાદ અનુસરવાની સૂચનાઓ બાબતના તા.૧૭/૦૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/૨૦૨૫/૧૨૦ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

ધોરણ-10 એસ.એસ.સી.
ફેબ્રુઆરી/માર્ચ-2025

પત્રક્રમાંક:- મઉમશબ/માધ્યમિક/પરીક્ષા/2025/120
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેક્ટર-10-બી, ગાંધીનગર.
તા:- 17/02/2025

પ્રતિ,

(1) આચાર્યશ્રીઓ,
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજય.

(2) પ્રધાનાચાર્યશ્રીઓ,
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ,
ગુજરાત રાજય.

વિષય:- ફેબ્રુઆરી/માર્ચ-2025માં લેવાનાર ધોરણ-10 એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત, રીપિટર, GSOS અને પૃથક્ ઉમેદવારોની પ્રવેશિકા/ફી રસીદ (Hall Ticket) ડાઉનલોડ કર્યા બાદ અનુસરવાની સૂચનાઓ

મહાશય,

જયભારત સાથે જણાવવાનું કે, ફેબ્રુઆરી/માર્ચ-2025ની ધોરણ-10ની એસ.એસ.સી. પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત, રીપિટર, પૃથક્, GSOS ઉમેદવારોની **Hall Ticket** (પ્રવેશિકા)ની ઓનલાઇન પ્રિન્ટ નોંધાયેલ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ દ્વારા બોર્ડની વેબસાઇટ **ssc.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી ડાઉનલોડ કરવાની સૂચના અખબારી યાદી દ્વારા જણાવવામાં આવેલ છે. હોલટિકિટની પ્રિન્ટ મેળવ્યા બાદ આગળની જરૂરી કાર્યવાહી અર્થે આ પરિપત્રમાં આપેલ નીચેની સૂચનાઓનો અભ્યાસ કરી લેવાનો રહેશે.

❖ 1. પ્રવેશપત્ર/ફી રસીદ (Hall Ticket) અંગે સૂચનાઓ:-

1. ફેબ્રુઆરી/માર્ચ-2025ની પરીક્ષાના નિયમિત, રીપિટર, પૃથક્, GSOS ઉમેદવારોની ફોટાવાળી પ્રવેશિકા ઓનલાઇન આપવામાં આવે છે. જે શાળામાંથી આવેદનપત્ર ભરાયેલ હોય તે શાળાના આચાર્યશ્રીએ ઉમેદવારનો ફોટો, વિષય, પરીક્ષાની તારીખ, બ્લોક, કેન્દ્રનું નામ/સરનામું જેવી વિગતો ચકાસી ફોટા ઉપર સહી કરી પ્રમાણિત કરી ઉમેદવારને પ્રવેશિકા સુપ્રત કરવાની રહેશે. આચાર્યશ્રીના સહી સિક્કા વગરની પ્રિન્ટઆઉટ પરીક્ષા દરમ્યાન માન્ય ગણાશે નહીં.
2. હોલટિકિટની ઓનલાઇન કાઢેલ પ્રિન્ટઆઉટ પર ઉમેદવારોનો ફોટો બ્લેક એન્ડ વ્હાઇટમાં છપાયેલ હશે. તે ઉપરાંત પ્રિન્ટઆઉટના નીચેના ભાગ પર આપેલ ચોરસ ખાનામાં ઉમેદવારનો ફોટો લગાડી આચાર્યશ્રીના સહી-સિક્કા કરવાના રહેશે. (ઉમેદવારે આવેદનપત્ર ભર્યા અગાઉ આપેલ તેનો ફોટો શાળાના રેકર્ડ પર હશે જ.)
3. જે ઉમેદવારની પ્રવેશિકામાં ઉમેદવારનો ફોટો ન હોય તે અને એક ઉમેદવારને બદલે અન્ય ઉમેદવારનો એટલે કે બીજા ઉમેદવારના ફોટાવાળી પ્રવેશિકા મળેલ હોય તેવા કિસ્સામાં શાળાના આચાર્યશ્રીએ જે-તે ઉમેદવારનો સાચો ફોટો મેળવી, પ્રવેશિકામાં ફોટો ચોંટાડીને પ્રમાણિત કરી આપવાની રહેશે અને તે ઉમેદવારના ઓનલાઇન ભરેલા આવેદનપત્રની ઝેરોક્ષ નકલ પણ સાથે રાખવાની રહેશે. જેથી ખંડનિરીક્ષક સાચા વિદ્યાર્થીની ઓળખ કરી શકે. (બોર્ડની ગાંધીનગર કચેરીમાં આવવાનું નથી.)
4. પરીક્ષાની પ્રવેશિકામાં બોર્ડ દ્વારા ફાળવેલ કેન્દ્ર સિવાય અન્ય પરીક્ષા કેન્દ્ર આવેલ હોય તો શાળાના તમામ ઉમેદવારોની અસલ પ્રવેશિકા સહિત પરીક્ષા કેન્દ્રમાં સુધારો કરવા બોર્ડની ગાંધીનગર ખાતેની માધ્યમિક શાખાનો તાત્કાલિક રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ કિસ્સામાં ઉમેદવારની બેઠક વ્યવસ્થા બદલાતી હોઇ પરીક્ષાના બ્લોક નંબર / બિલ્ડીંગ વ્યવસ્થાની પણ ફાળવણી કરવાની આવશ્યકતા હોય છે તેથી સુધારા માટે શાળાના જવાબદાર કર્મચારીએ સંબધિત આધારો સાથે આવવાનું રહેશે. (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા સૂચવેલ કેન્દ્ર બદલી કે નવીન કેન્દ્રની મંજૂરી મળેલ હોય તેવા કિસ્સામાં સ્થાનિક કક્ષાએથી ચકાસી લેવું.)

5. જો કોઇ પરીક્ષાર્થી ઓનલાઇન કે બોર્ડ કક્ષાએ ઑફલાઇન આવેદનપત્ર ભરેલ હોય તેવા ઉમેદવારનો બેઠક નંબર ફાળવાયેલ ન હોય તો તેવા સંજોગોમાં પરીક્ષાર્થીના ઓનલાઇન / ઑફલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ / ઑફલાઇન ફોર્મના કિસ્સામાં ફી ભરાયેલ ચલણની નકલ સાથે તાત્કાલિક રૂબરૂમાં બોર્ડની માધ્યમિક શાખાનો સંપર્ક કરવો જેથી તેના આધારે જે-તે કેન્દ્રમાં બેઠક નંબર ફાળવી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઇ પરીક્ષાર્થી ખોટી રીતે કામચલાઉ નંબરથી કોઇ પણ કેન્દ્ર પરથી પરીક્ષામાં બેસશે તો તેમનું પરિણામ અનામત રાખવામાં આવશે કે રદ કરવામાં આવશે. (ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ વગર કોઇ રજૂઆત ધ્યાને લેવાશે નહીં.)
6. પ્રવેશિકામાં (હૉલટિકિટ) પરીક્ષાના વિષયો બે ભાગમાં દર્શાવવામાં આવે છે. જેનો પ્રથમ ભાગ બોર્ડ કક્ષાએ લેવાતા વિષયો દર્શાવે છે. જેની પરીક્ષા ઉમેદવારે આપવાની છે જ્યારે પ્રવેશિકા (હૉલટિકિટ)નો બીજો ભાગ શાળા કક્ષાએ લેવાતી પરીક્ષાના વિષયો દર્શાવે છે. શાળા કક્ષાએ ભાગ-2ના વિષયોની લેવાયેલ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષામાં વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા બદલની જે-તે વિષય શિક્ષકની સહી કર્યા બાદ પ્રવેશિકા વિદ્યાર્થીઓને આપવાની રહેશે. ઉમેદવારોના શાળા કક્ષાના વિષયના ઓનલાઇન ભરેલ ગુણની પ્રિન્ટ અચૂક કાઢી લઇ શાળાના રેકર્ડમાં રાખવી. જ્યારે બોર્ડને જરૂર જણાય ત્યારે તે નકલ રજૂ કરવાની રહેશે.
7. નિયમિત ઉમેદવારના કિસ્સામાં અટક / નામ / પિતાના નામ કે જન્મ તારીખમાં સુધારો કરવાનો થતો હોય તો તેવા ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત ઝેરોક્ષ નકલમાં શાળાએ લાલ પેનથી જે-તે સુધારો દર્શાવી પરીક્ષા પૂર્ણ થાય તે પહેલાં બોર્ડની કચેરીમાં રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. પ્રવેશિકાની સાથે શાળા રજિસ્ટરની નકલ તથા ઓનલાઇન આવેદનપત્રની નકલ બીડવાની રહેશે. (આ માટે બોર્ડની કચેરીમાં રૂબરૂ આવવાની જરૂર નથી.)
8. કોઇ ઉમેદવારની એક જ નંબરની બે પ્રવેશિકાઓ મળેલ હોય તો એક નકલ પર લાલ પેનથી ડુપ્લિકેટ લખી એક અસલ પ્રવેશિકા પરત બોર્ડની કચેરી ખાતે પરત કરવી.
9. જો એક ઉમેદવારને બે અલગ બેઠક નંબરવાળી પ્રવેશિકાઓ મળેલ હોય તો બે પૈકી કોઇપણ એક પ્રવેશિકા ઉમેદવારને સુપ્રત કરવી અને તે સિવાયની બીજી (અન્ય નંબર વાળી) પ્રવેશિકા રદ કરી લાલ પેનથી "(કેન્સલ)" લખી બોર્ડની કચેરીમાં પરત કરવાની રહેશે.
10. આ વર્ષે GSOS ઉમેદવાર તરીકે નોંધાયેલ ઉમેદવારોએ જે માધ્યમિક શાળામાંથી ઓનલાઇન આવેદનપત્ર ભરેલ હોય તે શાળા દ્વારા શાળા કક્ષાના વિષય જેમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પાસું ધરાવતા વિષયની પરીક્ષા લેવાની રહેશે અને તેમાં મેળવેલ ગુણ બોર્ડની વેબસાઇટ પર સૂચના મુજબ દર્શાવવાના રહેશે. જેની અલગથી અખબારી યાદીથી જાણ કરવામાં આવશે.
11. પૃથક્ (આઇસોલેટેડ) ઉમેદવાર તરીકે શાળા કક્ષાનો વિષય લઇને આવેદનપત્ર ભરનાર ઉમેદવારોના કિસ્સામાં શાળાએ તેની કક્ષાએથી સૈધ્ધાંતિક અને પ્રાયોગિક વિષયોમાં પરીક્ષા લઇને ગુણને બોર્ડની સૂચના મુજબ ઓનલાઇન દર્શાવવાના રહેશે. જેની અલગથી અખબારી યાદીથી જાણ કરવામાં આવશે.
12. GSOS ઉમેદવાર શાળા કક્ષાનો વિષય લઇ, પૃથક્ ઉમેદવાર તરીકે નોંધાયેલ હોય તેવા ઉમેદવારની સૈધ્ધાંતિક તથા પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ પ્રશ્નપત્ર તૈયાર કરી પરીક્ષા લેવાની રહેશે અને જેના ગુણ બોર્ડની વેબસાઇટ પર સૂચના મુજબ અપલોડ કરવાના રહેશે.
13. ધો.10 એસ.એસ.સી.ના બોર્ડ કક્ષાના વિષયોનું પ્રશ્નપત્ર 80 ગુણનું રહેશે. જેનો સમય ત્રણ કલાકનો રહેશે. આ જ 80 ગુણનું પ્રશ્નપત્ર રીપિટર, GSOS અને પૃથક્ ઉમેદવારો માટે પણ રહેશે. આ બાબતની જાણકારી ઉમેદવારોને આપવાની રહેશે.
14. ફેબ્રુઆરી/માર્ચ-2022 થી ગણિત વિષયમાં બે પ્રશ્નપત્રોમાંથી કોઇપણ એક પસંદગી કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગણિત સ્ટાન્ડર્ડ (12) અને બેઝિક ગણિત (18) જેથી ઉમેદવારે ઓનલાઇન / ઑફલાઇન આવેદનપત્રમાં દર્શાવેલ ગણિત કોડ મુજબ હૉલટિકિટમાં પરીક્ષાની તારીખ છપાયેલ હશે તે ખાસ ચકાસી

ખાસ ચકાસી લેવું. ગણિત સ્ટાન્ડર્ડ (12) અને ગણિત બેઝિક (18)ની પરીક્ષા તા:-01/03/2025ના રોજ લેવાનાર છે. ઉમેદવારથી ભૂલ ન થાય તે ખાસ જણાવવા વિનંતી છે.

## (2) "રીપીટર ઉમેદવારો માટેની સૂચના"

(2.1) જો રીપીટર ઉમેદવારોની પ્રવેશિકામાં આવેદનપત્ર ભરવાની ભૂલને કારણે જો કોઇ વિષયમાં ખોટું Exemption આવ્યું હોય અને તે વિષયની પરીક્ષા આપવાની થતી હોય તો તે ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત નકલમાં લાલ પેનથી સુધારો કરી અગાઉના વર્ષના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ સાથે રાખી રૂબરૂમાં ગાંધીનગર કચેરીમાં આવવાનું રહેશે. (આ સૂચના GSOS ઉમેદવારને પણ લાગુ પડે છે.)

(2.2) વિદ્યાર્થીના વિષયમાં offered to Exemption (મુક્તિ) કરવાનું એટલે કે પરીક્ષા આપવાની થતી ન હોય તેવા કિસ્સામાં ઉમેદવારની અગાઉની પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડી રજિસ્ટર્ડ ટપાલ દ્વારા ગાંધીનગર કચેરીને પરીક્ષા શરૂ થાય તે પહેલાં મોકલી આપવું. (માધ્યમિક શાખામાં રૂબરૂ આવવાની જરૂર નથી.)

(2.3) **પ્રવેશપત્ર/ફી-રસીદમાં નીચે મુજબની ભૂલ હોય તો શાળાને પ્રવેશપત્રો મળ્યા બાદ કચેરી કામકાજના સમયે કચેરીમાં રૂબરૂ સંપર્ક કરવો.**

1. પ્રવેશપત્ર/ફી-રસીદ બરાબર છપાયેલ ન હોય.
2. વિદ્યાર્થીની જવાબની ભાષામાં ભૂલ હોય. (બોર્ડ કક્ષાના વિષયો માટે)
3. વિદ્યાર્થીના વિષયમાં ભૂલ હોય અથવા તે વિષય બદલાયેલ હોય કે બદલવાનો હોય (બોર્ડ કક્ષાના વિષયો હોય તો)
4. મુક્તિ Exemption to offered (વિષયની પરીક્ષા આપવાની થતી હોય) બોર્ડ કક્ષાના વિષયો હોય તો
5. વિદ્યાર્થી દિવ્યાંગ (DISABLED) હોય અને (NORMAL) સામાન્ય દર્શાવેલ અથવા NORMAL હોય અને DISABLED દર્શાવેલ હોય તો ઓનલાઇન ભરાયેલ આવેદનપત્રની નકલ અને દિવ્યાંગતા પ્રમાણપત્ર સાથે લાવવાના રહેશે.

(2.4) ઉપર જણાવેલ સંજોગો કે પ્રવેશપત્ર/ફી-રસીદ ન મળ્યાના કિસ્સામાં

a. ઓનલાઇન ભરેલ ઉમેદવારના ફોટાવાળા ફોર્મની પ્રમાણિત નકલ
b. ફી ભર્યાના ચલણની નકલ
c. શાળાના વિદ્યાર્થીઓની યાદીની નકલ

વગેરે દસ્તાવેજો લઇને પરીક્ષા શરૂ થાય તે પહેલાં બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીએ ઉમેદવારના 01 પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે આવવાનું રહેશે.

(3) **પ્રવેશપત્ર / ફી-રસીદમાં નીચે પ્રમાણેની ભૂલ જણાય તો બોર્ડની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાને બદલે શાળામાંથી જ જે-તે ઉમેદવારની હોલટિકિટની પ્રમાણિત નકલમાં જ લાલપેનથી સુધારા કરીને તા:-26/02/2025 સુધી રજિ.ટપાલ દ્વારા આ કચેરીને જાણ કરવી, પરંતુ આ માટે રૂબરૂ બોર્ડની કચેરીમાં આવવાની જરૂર રહેતી નથી.**

| | |
|---|---|
| 3.1 | વિદ્યાર્થીની સહી ઝાંખી દેખાતી હોય તો આચાર્યશ્રી સમક્ષ સહી કરી ત્યારબાદ ફોટો પ્રમાણિત કરવો. |
| 3.2 | વિદ્યાર્થીની પ્રવેશિકામાં અટક / નામ/ પિતાનું નામ, જન્મતારીખમાં ભૂલ હોય તો લાલ શાહીવાળી પેનથી સુધારો કરી તા:-26/02/2025 સુધી ટપાલ દ્વારા મોકલી આપશો. |
| 3.3 | વિદ્યાર્થીના વિષયમાં offered to Exemption (મુક્તિ) કરવાનું એટલે કે પરીક્ષા આપવાની થતી ન હોય તેવા કિસ્સામાં ઉમેદવારની અગાઉની પરીક્ષાની માર્કશીટમાં પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી. |
| 3.4 | અન્ય કોઇ સામાન્ય ક્ષતિ હોય જે પરીક્ષામાં બાધારૂપ ન હોય તો |
| 3.5 | બિલ્ડીંગ કે બેઠક વ્યવસ્થા સંબંધી ક્ષતિ માટે સ્થળ સંચાલક કે ઝોનલ અધિકારીશ્રીનો સંપર્ક કરવો. |

| | |
|---|---|
| 3.6 | ફી-રસીદ ઉપર વિદ્યાર્થીનો ફોટો કે સહી ન હોય અથવા બદલાઇ ગયેલ હોય તો શાળા કક્ષાએ પ્રવેશિકામાં ફોટો ચોંટાડીને આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી આપવા. |
| 3.7 | શાળા કક્ષાના વિષયમાં ફેરફાર થતો હોય તો (24 થી 69 વિષય કોડ) નંબરના વિષયમાં પત્રક-અમાં ગુણ ભરી ટપાલ દ્વારા ગાંધીનગર કચેરીએ તા:-26/02/2025 સુધી મોકલવાના રહેશે. બોર્ડની પરીક્ષા દરમ્યાન બોર્ડની કચેરીમાં રૂબરૂ આવવાની આવશ્યકતા નથી. (પત્રક-અ'નો નમૂનો સામેલ છે.) |
| 3.8 | વિષય બદલાયેલ હોય તેવા કિસ્સામાં (શાળા કક્ષા / બોર્ડ કક્ષા) પત્રક-અ, પત્રક-અ 1 માં જરૂરી વિગતો ભરી રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલી આપવાના રહેશે. પરીક્ષા બાદ આવેલ માહિતીને ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં. |

**વિશેષ નોંધ:-**

(1) પરીક્ષા દરમ્યાન ગેરરીતિ સબબ બોર્ડ દ્વારા કરવામાં આવતી સજાની સૂચનાઓની નકલ શાળાના જાહેર બોર્ડ પર ચોંટાડવાની રહેશે અને તેની માહિતી આપવાની રહેશે.

(2) ચાલુ વર્ષ ફેબ્રુઆરી/માર્ચ-2025થી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર જવાબવહી ચકાસણીના વિષય શિક્ષકના હુકમ (ઓર્ડર) હોલટિકિટ સાથે ઓનલાઇન જ મોકલી આપવામાં આવનાર છે. શાળાના વિદ્યાર્થીઓની હોલટિકિટ ડાઉનલોડ કરવાની સાથે શાળાના વિષય શિક્ષકની મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર ફરજના હુકમ પણ ડાઉનલોડ કરવાના રહેશે અને જવાબદાર શિક્ષકને જરૂરી વિગતો ભરેલ ઓર્ડર તથા સૂચનાઓ સુપ્રત કરવાના રહેશે અને તેની યાદી ડાઉનલોડ કરી શિક્ષકને હુકમ મળ્યા બદલની સહી યાદી પર મેળવી શાળાના રેકર્ડ પર રાખવાનું રહેશે.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બીડાણ:- પત્રક-અ, પત્રક અ-1

નકલ રવાના:- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજ્ય તાબાની શાળાઓને જાણ અને અમલવારી કરવા સારૂ.

સવિનય નકલ રવાના:-

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(2) માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(એસ.એસ.સી. ફેબ્રુઆરી/માર્ચ-2025)

## “પત્રક-અ”

નિયમિત/GSOS/પૃથક ઉમેદવાર જે શાળા કક્ષાનો વિષય ONLINEમાં આંતરિક મૂલ્યાંકનના ગુણ ભરી શકાયા ન હોય તો જ પત્રક -'અ' શાળાઓએ ભરવાનું છે.

શાળાનો એસ.એસ.સી. ઇન્ડેક્ષ નંબર

શાળાનું નામ/સરનામું ....................................

....................................................

....................................................

....................................................

જાવક નંબરઃ-

તારીખઃ-

સૈદ્ધાંતિક – પ્રાયોગિક અને શાળા કક્ષાએ લેવામાં આવેલ વિષયોની પરીક્ષાના ગુણ એસ.એસ.સી. પરીક્ષાનું વર્ષ : .................................. માસ ............................

અમારી શાળાના એસ.એસ.સી. પરીક્ષાના નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓના વિષય ફેરફારને કારણે ONLINE માં ગુણ ભરી શકાયા નથી. તેના ગુણ નીચે પ્રમાણે મોકલી આપવામાં આવે છે:

| ક્રમ (1) | ઉમેદવારનો બેઠક નંબર (2) | ઉમેદવારનું નામ (3) | વિષયનું નામ અને કોડ નંબર (4) | 50 ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ (5) (50+50) | શાળાકીય આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાંથી ગુણ (6) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

→ ઓનલાઇન ગુણ ભરી ન શક્યા બદલનું કારણ ટૂંકમાં જણાવવાનું રહેશે.

નોંધ :- ધોરણ-10ના નિયમિત ઉમેદવારો માટે કોલમ ક્રમાંક 5 અને 6 માં ગુણ ભરવાનાં રહેશે.
ધોરણ-10ના GSOS ઉમેદવારો માટે કોલમ ક્રમાંક ફક્ત 5 માં ગુણ ભરવાના રહેશે.

આચાર્યશ્રીની સહી અને સિક્કો

તારીખઃ- ..........................

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(એસ.એસ.સી.ફેબ્રુઆરી/માર્ચ-2025)

"પત્રક - અ - 1"

જે ઉમેદવારોના ONLINEમાં માર્ક ભરી શકાયા ન હોય તો જ ' પત્રક-અ -1' પત્રક શાળાઓએ ભરવાનું છે.

શાળાનો એસ.એસ.સી. ઇન્ડેક્ષ નંબર

શાળાનું નામ/સરનામું .................................
...................................................................
...................................................................
...................................................................

જાવક નંબર:

તારીખ:-

બોર્ડ કક્ષાના વિષયોના શાળાકીય આંતરિક મૂલ્યાંકન પરીક્ષાના ગુણ એસ.એસ.સી પરીક્ષાનું વર્ષ : .................................. માસ ............................

અમારી શાળાના એસ.એસ.સી. પરીક્ષાના નીચે દર્શાવેલ ઉમેદવારોના વિષય ફેરફારને કારણે ONLINE માં માર્ક ભરી શકાયા નથી. તેના ગુણ નીચે પ્રમાણે મોકલી આપવામાં આવે છે:

| ક્રમ (1) | ઉમેદવારનો બેઠક નંબર (2) | ઉમેદવારનું નામ (3) | વિષયનું નામ અને કોડ નંબર (4) | શાળાકીય કક્ષાએ આંતરિક મૂલ્યાંકનના ગુણ (20 માંથી) (5) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

→ ઓનલાઇન ગુણ ભરી ન શક્યા બદલનું કારણ ટૂંકમાં જણાવવાનું રહેશે.

<u>નોંધ:-</u> ધોરણ-10ના નિયમિત ઉમેદવારો માટે કોલમ ક્રમાંક 5 માં વિષય અને ગુણ ભરવાના રહેશે.

તારીખ : ................................

આચાર્યશ્રીની સહી અને સિક્કો

# પરિશિષ્ટ - 6

ફેબ્રુઆરી/માર્ચ-2025 થી ધો.10 એસ.એસ.સી પરીક્ષા માટે આપવામાં આવેલ પ્રવેશપત્રોમાંથી કોઇ ઉમેદવારનું નામ રદ કરવા માટે તેના નામની યાદી સામે નોંધ કરવી અને લાલ શાહીથી **TO BE REJECTED VIDE REGULATION 32 (4) 1*** અવશ્ય લખવું તેમજ તેની અલગ યાદી નીચેના કોલમમાં માહિતી ભરી મોકલવાની રહેશે.

ફેબ્રુઆરી/માર્ચ-2025ની પરીક્ષા માટેના પ્રવેશ કમી કરવાના છે તેવા પરીક્ષાર્થીઓની યાદી

| શાળાનો ઈન્ડેક્ષ નંબર | | | | | |
|---|---|---|---|---|---|

શાળાનું નામ અને સરનામું : ..........................................................................................................

..........................................................................................................

| ક્રમ | ઉમેદવારનું નામ | પ્રવેશપત્રોની યાદીમાં બેઠક નંબર | પ્રવેશપત્ર પરત ખેંચવાનું સબળ કારણ |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઉપરોક્ત યાદી મુજબ કુલ .................. ઉમેદવારોની અસલ યાદી આ સાથે મોકલવામાં આવે છે.

સ્થળ : ................................

તારીખ : ..............................

આચાર્યશ્રીની સહી અને સિક્કો

અગત્યનો પરિપત્ર

ક્રમાંક-મઉમશબ/ક-૧/સા.પ્ર/૨૦૨૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦.બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૧૭/૦૨/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ)
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ),
ગુજરાત રાજ્ય.

વિષય – ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, સામાન્ય પ્રવાહ મુખ્ય પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ના ONLINE પ્રવેશપત્ર (Hall Ticket) બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, સામાન્ય પ્રવાહના આપની શાળાના નિયમિત/રીપીટર વિદ્યાર્થીના **ONLINE** ભરેલ આવેદનપત્રના આધારે ઉમેદવારોની પ્રવેશિકા (HALL TICKET) ONLINE મૂકવામાં આવેલ છે. તે અન્વયે નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

1) આપની શાળા મારફત ઉમેદવારોના ONLINE રજીસ્ટ્રેશન દ્વારા ભરાયેલ આવેદનપત્રો તેમજ **પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫**ની આપે મોકલાવેલ ફીના ચલણ તથા માહિતીને આધારે ઉમેદવારોના પ્રવેશપત્રો (હોલટીકીટ) બોર્ડ દ્વારા તૈયાર કરી ONLINE મૂકવામાં આવેલ છે.
2) ઉમેદવારોના પ્રવેશપત્રો (હોલટીકીટ)માં વિદ્યાર્થીઓનું પૂરું નામ, ફોટો, બેઠક નંબર, શાળા ક્રમાંક, કેન્દ્ર નંબર/નામ, લીધેલ વિષયો/વિષય કોડ, માધ્યમ, પરીક્ષાની તારીખ-સમય, ઝોન નંબર, પરીક્ષા સ્થળનું નામ, બ્લોક નંબર વગેરે જેવી તમામ માહિતી આપેલ છે. જે તમામ માહિતી શાળાના રેકર્ડ પ્રમાણે બરાબર છે કે કેમ તેની ચકાસણી કરીને જ ઉમેદવારોને સત્વરે પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણ કરવાની રહેશે.
3) ઉપરોક્ત તમામ બાબતોની શાળા રેકોર્ડ મુજબ ખરાઈ કર્યા બાદ જો કોઈ ઉમેદવારોના નામ, અટકના સ્પેલીંગમાં સામાન્ય જોડણી દોષ હોય તો આપની શાળાના જી.આર. પર L.C. મુજબ નોંધાયેલ વિગત અને S.S.C. ના ગુણપત્રક અનુસાર સ્પેલીંગ ઉમેદવારના પ્રવેશપત્ર (હોલટીકીટ)માં સુધારીને તે સુધારા પર સહી-સિક્કા કરી પ્રમાણિત કરીને ઉમેદવારને પરીક્ષા આપવા માટે વિતરણ કરવાની રહેશે તથા પ્રવેશપત્ર (હોલટીકીટ)ની ઝેરોક્ષ નકલમાં લાલ પેન વડે સુધારો કરી સહી-સિક્કો કરેલ પ્રમાણિત નકલ જરૂરી આધારો સહિત **પત્રક 'ડ-1'**માં ભરી સહી-સિક્કા સાથે બોર્ડ કચેરીએ હોલટીકીટ વિતરણ થયાના ૦૫ (પાંચ) દિવસમાં શાળાના લેટરપેડ પર ફોરવર્ડિંગ લેટર સહિત જમા કરાવવાના રહેશે.

આવેલ અરજીઓ મુજબ નામ, અટકના સ્પેલીંગ દોષમાં થયેલ સુધારાઓ તાત્કાલિક આપવામાં આવશે નહીં, પરંતુ આ સુધારા ગુણપત્રકમાં જ આમેજ થશે. જે પરિણામ જાહેર થયે ગુણપત્રકમાં અવશ્ય ચકાસી લેવાના રહેશે.

4) વિષય કે માધ્યમમાં જો કોઈ સુધારો હોય તો શાળાના રેકોર્ડ મુજબ ખાતરી કરી તમામ આધારો સાથે પત્રક 'ડ' માં તમામ માહિતી ભરી પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણના ૦૫ (પાંચ) દિવસમાં રૂબરૂ બોર્ડ કચેરીએ રજૂઆત કરવાની રહેશે, જેની ખાસ નોંધ લેશો. જેથી પરીક્ષા અંગેની આગળની વ્યવસ્થા ગોઠવી શકાય.

5) જો કોઈ ઉમેદવારની પ્રવેશપત્ર (હોલટીકીટ) ન મળેલ હોય તેવા ઉમેદવારોની સ્પષ્ટ માહિતીવાળી યાદી તથા શાળાએ ભરેલ ફીના ચલણ, આવેદનપત્રની પ્રમાણિત નકલ અને જરૂરી તમામ આધારો સહિત શાળાના અધિકૃત કર્મચારી મારફત હોલટીકીટ વિતરણના ૦૫ (પાંચ) દિવસમાં રૂબરૂમાં બોર્ડની કચેરીએ રજૂઆત કરવાની રહેશે.

6) જો કોઈ ઉમેદવારના પ્રવેશપત્ર (ફી-રસીદ)માં ઉમેદવારનો ફોટો રજૂ ન થયો હોય અથવા ખોટો ફોટો પ્રિન્ટ થયો હોય કે ઓળખી શકાય તેવો ન હોય તેવા કિસ્સામાં શાળા કક્ષાએ આચાર્યશ્રીએ ખરાઈ કરીને પ્રવેશપત્ર (હોલટીકીટ)માં ફોટાની નિયત જગ્યાએ સાચા ઉમેદવારનો ફોટો લગાવી તેના પર સહી-સિક્કા કરી પ્રમાણિત કરવો અને બીજો ફોટો સાથે સ્ટેપલર કરી સુધારા માટે આધારો સહિત સંપૂર્ણ વિગતો સહિત રજૂઆત અત્રે મોકલી આપવાની રહેશે.

7) કોઈપણ સુધારા અંગેની રજૂઆત માટે નીચેની બાબતો અવશ્ય ધ્યાને લેવી :

- શાળાની ઉપરોક્ત લાગુ પડતી તમામ સરખી રજૂઆતો એકસાથે 'ડ', 'ડ-1' કે જરૂરી તમામ માહિતીની સ્પષ્ટ યાદી એકસાથે રજૂ કરવી, જેમાં આચાર્યશ્રીના સહી-સિક્કા અચૂક કરવાના રહેશે.
- શાળાની તમામ રજૂઆતો શાળાના લેટરપેડ પર ફોરવર્ડિંગ લેટર સહિત બધા કેસની એક સાથે જ ફાઈલ કરવી.
- દરેક કેસ માટે આધારો જોડવાના રહેશે.
  1. શાળાએ **ONLINE** ભરેલ ઉમેદવારના ફોર્મની પ્રમાણિત નકલ.
  2. ધોરણ-૧૧ના ગુણપત્રકની નકલ.
  3. બોર્ડ દ્વારા મોકલાવેલ પરીક્ષાના પ્રવેશપત્ર (હોલટીકીટ)ની પ્રમાણિત નકલ.
  4. શાળા દ્વારા ભરાયેલ ફીના ચલણની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ.
  5. અન્ય જરૂરી તમામ આધારો.

8) જો આપની શાળામાંથી કોઈ વિદ્યાર્થી L.C. લઈ ગયા હોય, અભ્યાસ છોડી દીધેલ હોય, પરીક્ષા આપવા ન માગતા હોય, એક જ વિદ્યાર્થી બે પ્રવેશપત્ર (હોલટીકીટ) આવેલ હોય કે આપની શાળામાં અભ્યાસ કરતો ન હોય તેવા ઉમેદવારના પ્રવેશપત્ર (હોલટીકીટ) મળેલ હોય તો તે પ્રવેશપત્ર (હોલટીકીટ) પર લાલ પેનથી રદ કરી "NO CANDIDATE" લખી ઉપરોક્ત લાગુ પડતી બાબતની નોંધ કરી સહી-સિક્કા કરવા અને આવા તમામ અસલ પ્રવેશપત્ર (હોલટીકીટ) એકત્રિત કરી તેમના નામ, SID નંબર, સીટ નંબર, શાળા ક્રમાંક અને હોલટીકીટ પરત આપવાનું કારણ જણાવી એક સળંગ યાદી બનાવીને શાળાના લેટરપેડ પર વિગતો જણાવીને પરીક્ષા શરૂ થયા પહેલા બોર્ડ કચેરીએ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.

9) તમામ શાળાએ ઉપરોક્ત તમામ બાબતોની ચકાસણી કરીને ઉમેદવારોને પ્રવેશપત્ર (હોલટીકીટ)નું વિતરણ કરવામાં વિલંબ ન કરતાં સત્વરે કરવું. જેથી પ્રવેશપત્ર (હોલટીકીટ)માં હોલટીકીટના વિતરણથી ૦૫ (પાંચ) દિવસમાં બોર્ડ દ્વારા જરૂરી સુધારો મેળવી શકાય અને પરીક્ષા વ્યવસ્થા ગોઠવી શકાય. જે બાબતે ખાસ કાળજી રાખશો.

10) આપની શાળાના ઉમેદવારના પ્રવેશપત્ર (હોલટીકીટ) બાબતે કોઈપણ સુધારો કે ઉપરોક્ત તમામ રજૂઆત કરવા અંગેની જવાબદારી શાળાના આચાર્યશ્રીએ તમામ વિગતો, આધારો સાથે સ્પષ્ટ રીતે અને જરૂરી તમામ વિગતો દર્શાવી પ્રમાણિત કરી, શાળાના અધિકૃત પ્રતિનિધિ દ્વારા રૂબરૂમાં જ બોર્ડ કચેરીએ પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણના ૦૫ (પાંચ)દિવસમાં કરવાની રહેશે. **કોઈપણ સંજોગોમાં ઉમેદવાર કે તેના વાલી/સંબંધીને બોર્ડ કચેરીએ રજૂઆત માટે મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેશો.**

11) આપની શાળાના ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવાર દિવ્યાંગ હોય કે અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ S.S.C. કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના પ્રમાણપત્રો/ગુણપત્રકો તથા તે બોર્ડ ગુજરાત બોર્ડને સમકક્ષ છે અને માન્ય છે. તેની ખરાઈ પ્રવેશ વખતે શાળા દ્વારા કરાવેલ ન હોય તો સત્વરે કરાવી લેવી અને તેમાં કોઈ વિસંગતતા જોવા મળે કે ઉમેદવારે ધોરણ-૧૦ S.S.C. પાસ ન કર્યું હોય તો જરૂરી આધારો સાથે બોર્ડ કચેરીમાં રૂબરૂ રજૂઆત કરવી.

<u>સુધારાપત્રક 'ડ' (વિષય સુધારા માટે) રૂબરૂ મુલાકાત કરવી અને</u>

<u>'ડ-૧' (નામ/અટક સુધારા માટે) ટપાલથી નીચેના સરનામે મોકલવું.</u>

(1) શ્રી એન.કે.પટેલ (સામાન્ય પ્રવાહ માટે)
મદદનીશ સચિવ, શાખા-ક-૧,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦.બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

(2) વધુ માહિતી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ <u>www.gseb.org</u> નિયમિત જોતાં રહેશો.

(ડી.એસ.પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ રવાના :</u>
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ) તરફ જાણ સારૂ.

(આ પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું)

પત્રક – "ડ"

(નમુનાનું પત્રક) (વિષય સુધારા માટે)

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા,

ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૨૫

સામાન્ય પ્રવાહમાં બેઠક નંબરોની

યાદીમાં વિષય સુધારો કરાવવા માટેનું પત્રક

શાળાનું નામ અને સરનામું.............................

.................................................

મોબાઈલ નં : ...................................

શાળાનો ઈન્ડેક્ષ નંબર ...............................

પ્રવાહ : સામાન્ય

કેન્દ્રનું નામ અને કોડ નંબર

.................................................

| ક્રમ | ઉમેદવારનો બેઠક નંબર | S.I.D. નંબર | પરીક્ષાર્થીનું નામ | હોલટીકીટમાં દર્શાવેલ જૂની પરિસ્થિતિની વિગત | શાળાના રેકોર્ડ મુજબ વિષય સુધારો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |

<u>ખાસ નોંધ :</u> (૧) સુધારા પત્રકમાં શાળાના આચાર્યશ્રીએ સહી-સિક્કા કરવાના રહેશે. (૨) પરીક્ષાર્થીઓના વિષયમાં સુધારો કરાવવાનો હોય તો સુધારો કરાવવાની વિગતના કોલમમાં પરીક્ષાર્થીનું પૂરેપૂરું નામ અને S.I.D. NO. દર્શાવવો. (૩) જે તે સુધારા માટે ઓનલાઈન આવેદનપત્રની શાળાપ્રત અને હોલટીકીટની ઝેરોક્ષ નકલ અવશ્ય લાવવાની રહેશે. (૪) જે તે વિષયના સુધારામાં ઉમેદવારને અગાઉ મુક્તિ મેળવેલી હોય તો હોલટીકીટની ઝેરોક્ષ અને અગાઉના વર્ષના ગુણપત્રકની નકલ લાવવાની રહેશે. (ફક્ત રીપીટર ઉમેદવાર માટે) (૬) પ્રવેશપત્ર (હોલટીકીટ) વિતરણના દિન-૦૫ (પાંચ)માં શાળાના અધિકૃત કર્મચારી મારફત રૂબરૂમાં સુધારા આપવાના રહેશે.

આચાર્યશ્રીની સહી અને સિક્કો

તારીખ : ..............................

મોબાઇલ નંબર - ..............................

(આ પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું)

પત્રક – "ડ-૧"
(નમૂનાનું પત્રક) (નામ-અટક વગેરેનો સુધારો)
ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા,
ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૨૫
સામાન્ય પ્રવાહમાં બેઠક નંબરોની
યાદીમાં નામ-અટક સુધારો કરાવવા માટેનું પત્રક

શાળાનું નામ અને સરનામું..............................
..............................
મોબાઈલ નં : ..............................
શાળાનો ઇન્ડેક્ષ નંબર ..............................
પ્રવાહ : સામાન્ય
કેન્દ્રનું નામ અને કોડ નંબર
..............................

| ક્રમ | ઉમેદવારનો બેઠક નંબર | S.I.D. નંબર | પરીક્ષાર્થીનું નામ | હોલટીકીટમાં દર્શાવેલ પરીક્ષાર્થીના નામની જૂની પરિસ્થિતિની વિગત | શાળાના રેકોર્ડ મુજબ નામનો સુધારો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |

<u>ખાસ નોંધ :</u> (૧) સુધારા પત્રકમાં શાળાના આચાર્યશ્રીએ સહી-સિક્કા કરવાના રહેશે. (૨) પરીક્ષાર્થીઓના નામ-અટકમાં સુધારો કરાવવાનો હોય તો સુધારો કરાવવાની વિગતના કોલમમાં પરીક્ષાર્થીનું પૂરેપૂરું નામ અને S.I.D. નંબર દર્શાવવો. (૩) શાળાના જી.આર.ની. નકલ. (૪) જે તે સુધારા માટે ઓનલાઈન આવેદનપત્રની શાળાપ્રત અને હોલટીકીટની ઝેરોક્ષ નકલ અવશ્ય લાવવાની રહેશે. (૫) પરીક્ષાર્થીના નામ સુધારા માટે શાળાના જેટલા ઉમેદવારોના નામમાં ક્ષતિ હોય તેની હોલટીકીટના વિતરણના ૦૫ (પાંચ) દિવસમાં શાળાના લેટરપેડ ઉપર ફોરવર્ડીંગ લેટર સહિત જમા કરાવવાની રહેશે. (૬) હોલટીકીટ વિતરણ બાદ ૦૫ (પાંચ) દિવસમાં ફેરફાર અત્રે મળે તે જ માન્ય રહેશે. જેની ખાસ નોંધ લેવી.

આચાર્યશ્રીની સહી અને સિક્કો

તારીખ : ..............................
મોબાઇલ નંબર - ..............................